For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ફોન ન ઉઠાવાતા રોષે ભરાયેલા લોકો MGVCL કચેરીમાં જ પથારી કરી દીધી

# ગોત્રીમાં 10 કલાક વીજળી ડૂલ થતા કંટાળેલા લોકો વીજ કંપનીની ઓફિસે જઈને સૂઈ ગયા

**કુંભારવાડા** ફળિયા સહિતના વિસ્તારોમાં રાત્રે 8 વાગ્યાથી અંધારપટ



(પ્રતિનિધિ) વડોદરા. તા.12

વડોદરામાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગોત્રી વિસ્તારના રહીશોની હાલત કફોડી બની છે. ગોત્રી તળાવ સામે આવેલા કુંભારવાડા ફળિયા સહિતના આસપાસના વિસ્તારોમાં 10 કલાકથી વીજ પુરવઠો ખોરવાતા સ્થાનિકોનો મિજાજ સાતમા આસમાને પહોંચ્યો હતો. તંત્રની નિષ્ક્રિયતાથી કંટાળીને લોકોએ MGVCL કચેરી ખાતે જઈ અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોત્રી વિસ્તારમાં ગઈકાલે રાત્રે 8:00 વાગ્યાથી અચાનક વીજ પુરવઠો ગુલ થઈ ગયો હતો. કલાકો વીતવા છતાં વીજળી ન આવતા લોકોએ MGVCL ના ફરિયાદ નંબર પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સ્થાનિકોનો આક્ષેપ છે કે ફરિયાદ નંબર સતત બંધ આવી રહ્યો હતો. એટલું જ નહીં, જવાબદાર કર્મચારીઓ કે અધિકારીઓ ફોન પણ ઉપાડતા ન હોવાથી લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી.

હાલમાં વડોદરામાં તાપમાનનો પારો ઊંચો છે, ત્યારે 10-10 કલાક સુધી વીજળી ગુલ રહેતા લોકોની ઊંઘ હરામ થઈ ગઈ હતી. ગરમી અને બફારાને કારણે નાના બાળકો આખી રાત રડતા રહ્યા હતા. બીમાર અને વૃદ્ધ વ્યક્તિઓની તબિયત લથડવાની ભીતિ સેવાઈ હતી. ઘરના રોજિંદા કામો અને પાણીની સુવિધા પણ વીજળી વગર પ્રભાવિત થઈ હતી.

તંત્રની બેદરકારી સામે રોષ વ્યક્ત કરવા માટે રહીશોએ ગાંધીચીંધ્યા માર્ગે વિરોધ શરૂ કર્યો હતો. મોટી સંખ્યામાં મહિલાઓ, પુરુષો અને યુવાનો MGVCLની કચેરીએ દોડી ગયા હતા. ત્યાં કોઈ સંતોષકારક જવાબ ન મળતા, લોકોએ કચેરીના કમ્પાઉન્ડમાં જ પથારીઓ કરી દીધી હતી અને ત્યાં જ ઊંઘીને તંત્ર સામે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિકોએ સૂત્રોચ્ચાર કરતા જણાવ્યું હતું કે, જો અમને ઘરે સુખેથી ઊંઘવા ન દેતા હોય, તો અધિકારીઓએ પણ એસી કેબિનમાં બેસવાનો કોઈ હક નથી. વારંવારની ફરિયાદો છતાં મેન્ટેનન્સના નામે કે ફોલ્ટના નામે કલાકો સુધી વીજળી કાપી નાખવાની નીતિ સામે હવે જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો છે. હવે જોવાનું એ રહે છે કે, આટલા મોટા વિરોધ પ્રદર્શન બાદ MGVCLનું તંત્ર એક્શન મોડમાં આવી કાયમી ઉકેલ લાવે છે કે પછી જનતાએ હજુ પણ અંધારામાં દિવસો વિતાવવા પડશે.

### વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખેલ બંધ કરવા DEOને એકેડેમિક એસોસિએશનની રજૂઆત

# JEE-NEETના નામે 'ડમી એજ્યુકેશન'નો ધીકતો ધંધો?

**ડમી** સ્કૂલ-કોચિંગ સાંઠગાંઠથી વાલીઓ પર આર્થિક બોજ, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ ખોરવાતો હોવાનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા એકેડેમિક એસોસિએશને જિલ્લા શિક્ષણાધિકારી (DEO)ને આવેદનપત્ર પાઠવી શહેરમાં ચાલી રહેલી ડમી સ્કૂલ, કોન્સેપ્ટ સ્કૂલ અને સ્કૂલ સમય બાદ ચાલતા કોન્સેપ્ટ ક્લાસીસ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. એસોસિએશને આક્ષેપ કર્યો છે કે JEE-NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના નામે વિદ્યાર્થીઓ અને વાલીઓનું શોષણ થઈ રહ્યું છે.

એસોસિએશનના પ્રમુખ વિપુલ જોશીના જણાવ્યા અનુસાર કેટલીક નોન-ગ્રાન્ટેડ શાળાઓ ખાનગી કોચિંગ ક્લાસીસ સાથે સાંઠગાંઠ કરીને માત્ર કાગળ પર એડમિશન આપે છે. વિદ્યાર્થીઓને અઠવાડિયામાં એકાદ દિવસ જ શાળામાં હાજર રહેવું પડે છે, જ્યારે બાકીના દિવસોમાં કોચિંગ ક્લાસીસમાં અભ્યાસ કરાવવામાં આવે છે. તેમના મતે આવી પ્રથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને અસર કરે છે.

એસોસિએશને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ માત્ર પરીક્ષાલક્ષી અભ્યાસ સુધી સીમિત બની રહ્યા છે, જ્યારે રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વ્યક્તિત્વ વિકાસ જેવી બાબતો અવગણાઈ રહી છે. સાથે જ ડમી સ્કૂલ અને કોચિંગ સંસ્થાઓ દ્વારા વાલીઓ પાસેથી લાખો રૂપિયાની ફી વસૂલાતી હોવાનો પણ આક્ષેપ કરાયો છે. આવેદનમાં વધતા શૈક્ષણિક દબાણ અને સ્પર્ધાત્મક વાતાવરણને કારણે વિદ્યાર્થીઓ માનસિક તણાવનો ભોગ બની રહ્યા હોવાનું જણાવાયું છે. એસોસિએશને વડાપ્રધાન, મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને શિક્ષણ વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ સાથે ચેતવણી આપી છે કે સમયસર નિયંત્રણ નહીં લાવવામાં આવે તો શિક્ષણ વ્યવસ્થા વધુ વ્યાવસાયિક બની વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

# 14 મે સુધી આકરી ગરમીની આગાહી, તાપમાન 43.6 ડીગ્રી

**સવારે** હવામાં ભેજનું પ્રમાણ 40 ટકા અને સાંજે 19 ટકા નોંધાયું




(પ્રતિનિધિ) વડોદરા તા.12

ગુજરાતમાં ઉનાળો હવે તેના અસલી મિજાજમાં જોવા મળી રહ્યો છે. ત્યારે, વડોદરા શહેરમાં મંગળવારે મહત્તમ તાપમાન 43.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 29.2 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 40 ટકા અને સાંજે 19 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગ મુજબ હાલમાં સુરત જિલ્લામાં આકરી ગરમીને કારણે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. વડોદરા સહિતના મહત્વના જિલ્લાઓમાં ગરમીને પગલે યલ્લો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તાપમાન ઊંચું રહેવાની શક્યતા હોવાથી તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવા માટે પણ અપીલ કરવામાં આવી છે. ગરમીના પ્રમાણમાં વધારો થતા બપોરના સમયે કાળઝાળ ગરમીને કારણે રસ્તા ઉપર અવરજવર ઓછી જોવા મળી રહી છે. નિષ્ણાંતોના મતે આગામી 14 મે દરમિયાન ગુજરાતમાં ગરમીનું જોર પરાકાષ્ઠાએ પહોંચશે. આ સમયગાળા દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં તાપમાનનો પારો 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. મધ્ય ગુજરાતના વડોદરા, આણંદ અને ખેડામાં ગરમીનો પ્રભાવ જળવાઈ રહેશે. તાપમાન 43 થી 44 ડિગ્રીની આસપાસ નોંધાઈ શકે છે. જેના કારણે બપોરના સુમારે રસ્તાઓ સુમસામ જોવા મળશે.

### વડાપ્રધાનનો કાર્યક્રમ પૂર્ણ થતાં હવે ગમે ત્યારે થશે નામોની જાહેરાત

# કમલમમાં બેઠકોનો ધમધમાટ: ભાજપનું પાર્લામેન્ટ્રી બોર્ડ ફરી મળશે, વડોદરાને મળશે નવા મેયર

**જિલ્લા** પંચાયત, 8 તાલુકા પંચાયત અને 3 નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના પદો માટે ભાજપ હાઈકમાન્ડ આખરી મહોર મારશે



(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંપન્ન થયા બાદ હવે વહીવટી માળખાને ગતિ આપવા માટે હોદ્દેદારોની નિમણૂકની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરા પ્રવાસ અને કાર્યક્રમોને કારણે અત્યાર સુધી જે નિમણૂકો અટકી પડી હતી, તે હવે કાર્યક્રમ પૂર્ણ થતાં જ ગમે ત્યારે જાહેર કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. વડોદરા જિલ્લા પંચાયત સહિત તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓમાં નવા પ્રમુખ અને ઉપપ્રમુખના નામોને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરી હતી. જિલ્લાની 8 તાલુકા પંચાયતો અને 4 નગરપાલિકાઓ પૈકી ડભોઈને બાદ કરતાં પાદરા, સાવલી અને કરજણ એમ ત્રણેય નગરપાલિકામાં ભાજપે સત્તા કબજે કરી છે. ચૂંટણીના પરિણામો બાદ તરત જ સંગઠન દ્વારા પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન, પક્ષના નેતા અને દંડક જેવા મહત્વના હોદ્દાઓ માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

નિરીક્ષકો દ્વારા લેવામાં આવેલી સેન્સ બાદ જિલ્લાના હોદ્દેદારો અને સંકલન સમિતિની બેઠકમાં ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. જેમાં દરેક મહત્વના પદ માટે ત્રણ-ત્રણ નામોની પેનલ તૈયાર કરી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ મોકલી આપવામાં આવી હતી. જોકે, વડાપ્રધાનના મહત્વના કાર્યક્રમો વડોદરામાં હોવાથી વહીવટી અને સંગઠન સ્તરે સમગ્ર ધ્યાન કાર્યક્રમની સફળતા પર કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેના કારણે નામોની જાહેરાત મુલતવી રાખવામાં આવી હતી.

હવે જ્યારે વડાપ્રધાનનો કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયો છે, ત્યારે ભાજપના કાર્યકરો અને દાવેદારોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રદેશ નેતાગીરી દ્વારા પેનલના નામો પર વિચારણા કરી લેવામાં આવી છે અને આગામી 24 થી 48 કલાકમાં સત્તાવાર નામો જાહેર થઈ શકે છે. નવા માળખામાં જ્ઞાતિગત સમીકરણો અને આગામી લોકસભા કે વિધાનસભાની વ્યૂહરચનાને ધ્યાને રાખીને પક્ષ દ્વારા અનુભવી અને સક્રિય ચહેરાઓને સ્થાન આપવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. જિલ્લા પંચાયત અને પાલિકાના શાસક પક્ષના નેતા તરીકે કોણ બાજી મારશે તે જોવું રસપ્રદ રહેશે.

# PI વતી લાંચ લેતા ઝડપાયેલા આરોપીની જામીન અરજી નામંજૂર

**લવજેહાદમાં** કાર્યવાહી નહીં કરવા રૂ.2 લાખની લાંચ કેસમાં મુખ્ય આરોપી પીઆઇ ચારણ હજુ ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.12

લવજેહાદ સંબંધિત કેસમાં કાયદેસરની કાર્યવાહી નહીં કરવા બદલ રૂ.2 લાખની લાંચ માંગવાના ગંભીર આરોપ હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપી સાજીદઅલી ગુલામરસુલ સૈયદની રેગ્યુલર જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે. જોકે મુખ્ય આરોપી એવા પીઆઇ ચારણ હજુ એસીબીના હાથમાં આવ્યા નથી.

પાદરા વિસ્તારમાં થયેલા ઝઘડાની ઘટના બાદ પોલીસે યુવકને પાદરા પોલીસ સ્ટેશન લઈ જઈ અટકાયતી કાર્યવાહી કરી હતી. આ દરમિયાન આરોપી પીઆઈ ચારણે યુવકને જણાવ્યું હતું કે મામલામાં લવજેહાદનો ગુનો બની શકે છે અને આગળની કાર્યવાહી ટાળવી હોય તો આરોપી

સાજીદઅલી ગુલામરસુલ સૈયદને મળી લેવા કહ્યું હતું. સાજીદઅલીએ શરૂઆતમાં રૂ.6 લાખની માંગણી કરવામાં આવી હતી, પરંતુ રકઝક બાદ રૂ.2 લાખ લાંચ પેટે લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આરોપીએ વારંવાર ફોન કરી લાંચની માંગણી ચાલુ રાખી હતી. લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે વડોદરા ગ્રામ્ય ACB પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ACBએ બે સરકારી પંચોની હાજરીમાં છટકાનું આયોજન કર્યું હતું. જેમાં આરોપીએ પાસેથી રૂ.2 લાખની લાંચ સ્વીકારી હોવાનું સામે આવ્યું હતું. કોર્ટએ નોંધ્યું હતું કે આરોપીઓએ પોતાની સત્તાનો દુરુપયોગ કરી કાયદેસરની કાર્યવાહી ન કરવા માટે લાંચની માંગણી કરી હતી. આથી ભ્રષ્ટાચાર ગુનામાં આરોપી સાજીદઅલી ગુલામરસુલ સૈયદની રેગ્યુલર જામીન અરજી રદ કરવામાં આવી છે. જોકે 15 દિવસ ઉપરાંત નો સમય થવા આવ્યો હોવા છતાં મુખ્ય આરોપી પીઆઇ ચારણ હજુ સુધી પોલીસ પકડમાં આવ્યા નથી.

### પતિના ડ્રાઈવર તથા એક અજાણ્યા શખ્સ સામે ચોરી કર્યાની શંકા

# વડોદરામાં GSTના એડિશનલ કમિશનરના મકાનમાંથી રૂ.5.40 લાખના મતાની ચોરી

**ડુપ્લિકેટ** ચાવીથી તાળું ખોલ્યા બાદ ઘરમાં ઘુસી તિજોરી સાફ કર્યાનો અધિકારીની પત્નીનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

ન્યૂ અલકાપુરી વિસ્તારમાં રહેતા જીએસટીના એડિશનલ કમિશનરના ઘરમાંથી આશરે રૂ.5.40 લાખના સોનાના દાગીનાની ચોરી થયાનો મામલો સામે આવ્યો છે. અધિકારીની પત્ની મહિલાએ પોતાના પતિના ડ્રાઈવર તથા એક અજાણ્યા શખ્સ સામે ચોરી કર્યાની શંકા વ્યક્ત કરી છે. ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા હોય પોલીસે તેના આધારે તપાસ શરૂ કરી છે.

ન્યુ અલકાપુરી વિસ્તારમાં ટોપીયન કોર્નરમા રહેતા કનુપ્રિયા અરુણકુમાર સુરેશરામે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના પતિ સુભાનપુરા સ્થિત GST ભવનમાં એડિશનલ કમિશ્નર તરીકે ફરજ બજાવે છે. પતિને લેવા-મુકવા માટે આવતો ડ્રાઈવર રાજેન્દ્ર નગીન પટેલ પરિવારના સંપર્કમાં હતો અને ઘરની અંદરની કઈ વસ્તુ ક્યાં મૂકી છે તેની માહિતીથી પણ આ ડ્રાઈવર પરિચિત હતો. નવેમ્બર-2024 દરમિયાન પરિવાર ઉત્તરપ્રદેશ ગયો હતો ત્યારે ઘરમાં રિનોવેશનનું કામ ચાલતું હોવાથી ઘરની ચાવી ડ્રાઈવર રાજેન્દ્ર પટેલને સોંપવામાં આવી હતી. તે દરમિયાન ઘરની તિજોરીમાં સોનાના દાગીના રાખવામાં આવતા હતા. પરિવાર બહારગામ જતો રહેતા અને પરત ફર્યા બાદ તિજોરીમાં રાખેલા દાગીના ધીમે ધીમે ગાયબ થવા લાગ્યા હતા. શરૂઆતમાં પરિવારજનોએ શોધખોળ ન કરતા મામલો ગંભીર બન્યો હતો. બાદમાં એક પછી એક દાગીના ઓછા થતા શંકા મજબૂત બની હતી. થોડા દિવસો પહેલા ઘરમાં CCTV કેમેરા લગાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તા.10 મેના રોજ સવારે આશરે 10 વાગ્યે ડ્રાઈવર રાજેન્દ્ર પટેલ એક અજાણ્યા વ્યક્તિ સાથે ઘેર આવ્યો હતો અને ડુપ્લિકેટ ચાવી વડે દરવાજો ખોલી અંદર પ્રવેશ કર્યો હતો. બંને શખ્સો તિજોરી સુધી પહોંચ્યા હોવાનું CCTVમાં દેખાતું હતુ. ચોરી થયેલા દાગીનામાં સોનાનું બ્રેસલેટ, ચેઈન, પેન્ડલ, બંગડી, ટિકો, નથણી, બુટ્ટી તથા ડાયમંડ અને સોનાની વીંટીઓ સહિત આશરે 180 ગ્રામ સોનાના દાગીનાની કિંમત અંદાજે રૂ.5.40 લાખ થાય છે. મહિલાએ ડ્રાઈવર રાજેન્દ્ર નગીન પટેલ (રહે. વિલેજા રેસીડન્સી, નટુભાઈ સર્કલ પાસે,) તથા તેના સાગરિત ડુપ્લિકેટ ચાવી વડે તાળુ ખોલી ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી દાગીના ચોરી કર્યાનો આક્ષેપ કર્યો છે. પોલીસે ગુનો દાખલ કરી CCTV ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

# ઘરેથી રૂ.55 હજાર લઈ મુંબઈ જવાનુ કહી નીકળેલો સગીર ગુમ

**16 વર્ષીય** સગીરે મિત્રને કહ્યું બોમ્બે કપડા લેવા જાઉ છું", છાયાપુરી સ્ટેશન સુધી મુકી જાને

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાંથી 16 વર્ષીય કિશોર ઘરેથી રૂ.55 હજાર લઈને ગુમ થઈ જતાં છાણી પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

કલ્યાણનગર નવીનગરી વિસ્તારમાં રહેતી રાજકુમારી પ્રકાશકુમાર ગજેરા ફતેગંજની એક હોટેલમાં રસોઈકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પતિનું વર્ષ 2024માં અવસાન થયું હતું, જ્યારે તેમનો 16 વર્ષીય પુત્ર ધોરણ-9માં અભ્યાસ કરે છે.

રાજકુમારીબહેનના જણાવ્યા મુજબ દેવરને આપવા માટે રૂ.70 હજાર ઘરે તિજોરીમાં રાખ્યા હતા. તા.9 મેના રોજ તેઓ કામ પર ગયા હતા ત્યારે પુત્ર ઘરે એકલો હતો. રાત્રે પરત ફરતા પુત્ર ઘરેથી ગુમ હતો અને તેનો મોબાઈલ ફોન બંધ આવતો હતો. તપાસ દરમિયાન તિજોરીમાંથી રૂ.55 હજાર પણ ગાયબ હોવાનું સામે આવ્યું હતું.

શોધખોળ દરમિયાન ગોવિંદનગરના સાઈબાબા મંદિર પાસે રોહનનો મિત્ર નિકુલ રાજપૂત મળ્યો હતો. તેણે જણાવ્યું હતું કે રોહન સવારે નાનું બેગ લઈને આવ્યો હતો અને "બોમ્બે કપડા લેવા જાઉં છું, એક અઠવાડિયામાં આવી જઈશ" કહી છાયાપુરી રેલવે સ્ટેશન સુધી મૂકવા કહ્યું હતું.

પરિવારે સયાજીગંજ રેલવે સ્ટેશન, સેન્ટ્રલ ડેપો સહિત વિવિધ સ્થળોએ શોધખોળ કરી છતાં કોઈ માહિતી મળી ન હતી. અંતે માતાએ છાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### જાગૃત નાગરિકે વીડિયો વાયરલ કર્યો

# ખંડેરાવ માર્કેટ પાસે મિસ્ટર પફ બેકરીમાં કેક ઉપર લટકતો જોવા મળ્યો મરેલો ઉંદર

**આરોગ્ય** વિભાગની કામગીરી સામે સવાલ, કર્મચારીઓને જાણ સુધ્ધા નથી



(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ખંડેરાવ માર્કેટ પાસે આવેલી જાણીતી મિસ્ટર પફ બેકરી એન્ડ મોરના આઉટલેટમાંથી આરોગ્ય સાથે ચેડાંનો ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. એક જાગૃત નાગરિકે મોબાઈલમાં કેદ કરેલો આ વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, બેકરીમાં જ્યાં કેક અને અન્ય બેકરી આઈટમ રાખવામાં આવી છે, ત્યાં જ એક મરેલો ઉંદર લટકતી હાલતમાં જોવા મળે છે. ઉંદર બરાબર કેકની ઉપર લટકી રહ્યો છે અને તેની નીચે જ વેચાણ માટે કેક મુકેલા છે. ચોંકાવનારી બાબત એ છે કે આ અંગે બેકરીના કર્મચારીઓને જાણ સુધ્ધા નથી. મિસ્ટર પફ જેવી મોટી અને નામાંકિત બેકરીમાંથી દરરોજ મોટી સંખ્યામાં લોકો કેક સહિતની બેકરી પ્રોડક્ટની ખરીદી કરતા હોય છે. આવા આઉટલેટમાં આટલી ગંભીર બેદરકારી સામે આવતા ગ્રાહકોના આરોગ્ય સાથે સીધા ચેડાં થઈ રહ્યા છે. વીડિયો જોનારા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટનાએ વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉભા કર્યા છે. શહેરની નામાંકિત બેકરીઓમાં જો આવી સ્થિતિ હોય તો નાની દુકાનોની હાલત શું હશે? નાગરિકોએ માંગ કરી છે કે આરોગ્ય વિભાગ તાત્કાલિક બેકરીની તપાસ કરી કડક કાર્યવાહી કરે અને લાયસન્સ રદ કરે. હાલ આ વીડિયો વાયરલ થયા બાદ ફૂડ વિભાગે ઘટનાની નોંધ લઈ તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

### વડોદરામાં ફરી ગેંગસ્ટર રાજની દહેશત? સૂરજ ઉર્ફે ચૂઈ કહારની સોશિયલ મીડિયા પર ખુલ્લી ધમકી

# ગુજસીટોકના આરોપીનો જામીન બાદ ખૌફનાક કમબેક : ફરી ધરપકડ

**પોલીસ** સોશિયલ મીડિયાના માધ્યમથી દહેશત ફેલાવનાર સૂરજને આઠમી દીધો હતો




(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા શહેરમાં ફરી એકવાર ગુન્હેગારો બેફામ બનતા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ગુજસીટોક હેઠળ કાર્યવાહી ભોગવી ચૂકેલા આરોપીના સાગરીતોએ જામીન પર બહાર આવ્યા બાદ ફરી ગેંગ સક્રિય કરી સોશિયલ મીડિયા પર ભાઈગીરી દર્શાવતા વિડીયો વાયરલ કરતા પોલીસ તંત્ર સામે ખુલ્લો પડકાર ફેંકાયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી મુજબ ગત જુલાઈ મહિનામાં વડોદરા પોલીસે સૂરજ ઉર્ફે ચુઈ કહાર ગેંગ સામે ગુજસીટોક હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન ગેંગના અનેક સભ્યોને જેલમાં મોકલવામાં આવ્યા હતા. જોકે ગેંગ સાથે સંકળાયેલા કૃણાલ કહારને થોડા સમય અગાઉ જામીન મળતા તે જેલમુક્ત થયો હતો.

જામીન પર બહાર આવ્યા બાદ કૃણાલ કહારે ફરી જૂના સાગરીતો સાથે સંપર્ક સાધી સોશિયલ મીડિયા પર દહેશત ફેલાવતા વિડીયો પોસ્ટ કર્યા હોવાનું સામે આવ્યું છે. વાયરલ થયેલા વિડીયોમાં "અમારો વનવાસ પૂરો થયો" તેમજ "જે લોકો પોતાને શિકારી સમજે છે તેઓ તમામ માર્યા જશે" જેવી ગર્ભિત ધમકીઓ આપવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ વિડીયો વાયરલ થતાં શહેરમાં ફરી ગેંગવોર અને ગુન્હેગારી માથું ઊંચકે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને યુવાઓ સોશિયલ મીડિયા મારફતે દહેશત અને ભાઈગીરીનું પ્રદર્શન કરતા હોવાના બનાવો વધતા જતા પોલીસ માટે ચિંતાનો વિષય બન્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ વાયરલ વિડીયોને આધારે પોલીસે ટેકનિકલ તપાસ શરૂ કરી છે અને ગેંગના અન્ય સભ્યોની હિલચાલ પર પણ નજર રાખવામાં આવી રહી છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ક્રાઈમ બ્રાંચ તેમજ સ્થાનિક પોલીસ સક્રિય બની હોવાનું જાણવા મળે છે.

જોકે આખરે પોલીસે સૂરજ ઉર્ફે ચુઈ કહારને ઝડપી પાડી કાયદાનો પાઠ ભણાવ્યો હતો. આરોપીને કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી માફી મગાવતો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જે શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### વડોદરામાં 1થી 10માં 16,477 વિદ્યાર્થી ડ્રોપઆઉટ

# શિક્ષણ સમિતિએ 100% ડ્રોપઆઉટ ટ્રેક કર્યા ખાનગી સ્કૂલોએ માત્ર 1% વિદ્યાર્થી શોધ્યા

**શાસનાધિકારીએ** સ્કૂલોને પત્ર લખીને કામગીરી તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવા તાકીદ કરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ચાલી રહેલા પ્રિ-એનરોલમેન્ટ સર્વે અને ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને શાળામાં પરત લાવવાના અભિયાન દરમિયાન વડોદરાની ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલોની નબળી કામગીરી સામે આવી છે. ધો.1થી 10માં કુલ 16,477 વિદ્યાર્થીઓ ડ્રોપઆઉટ થયા હોવાનું સામે આવ્યું છે.

તેમાં 14,733 વિદ્યાર્થીઓ ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલોના છે, જ્યારે 2,041 વિદ્યાર્થીઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના છે. સમિતિની શાળાઓએ 100 ટકા વિદ્યાર્થીઓને ટ્રેક કરીને સરકારના પોર્ટલ પર નોંધણી પૂર્ણ કરી છે, જ્યારે ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલો માત્ર 1 ટકા વિદ્યાર્થીઓને જ ટ્રેક કરી શકી છે.

શાસનાધિકારી ડો. વિપુલ ભરતીયાએ સ્કૂલોને તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા પત્ર પાઠવ્યો છે. સાથે જ મોનિટરિંગ સ્ટાફનું વેકેશન રદ કરી હેડક્વાર્ટર ન છોડવા સૂચના આપવામાં આવી છે.

#### પ્રિ-એનરોલમેન્ટ સર્વેમા 84,049 વિદ્યાર્થી પાત્ર

શહેરમાં પ્રિ-એનરોલમેન્ટ સર્વે હેઠળ 84,049 વિદ્યાર્થીઓ પ્રવેશને પાત્ર જણાયા છે. તેમાંથી 31,380 વિદ્યાર્થીઓનું આગળના ધોરણમાં પ્રવેશ સુનિશ્ચિત કરાયો છે, પણ 52,669 વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા હજુ પૂર્ણ થઇ નથી. આ સર્વેમાં પણ શિક્ષણ સમિતિએ 100 ટકા કામગીરી કરી છે, જ્યારે ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલો ઘણી પાછળ છે.

#### મેન્ટરશિપથી પાછા લવાશે સ્કૂલે

ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને ફરી શાળામાં લાવવા મેન્ટરશિપ શરૂ કરાઇ છે. શાળાના શિક્ષકો કે પછી માતા-પિતાને જે તે વિદ્યાર્થીના મેન્ટર તરીકેની કામગીરી સોંપાઇ છે. ટ્રેકિંગ અને રજિસ્ટ્રેશન બાદ કેટલા વિદ્યાર્થીઓ ફરી શિક્ષણ તરફ વળ્યા તે નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયા બાદ જ ખબર પડશે.